

# મહાવીર સ્વામીનું જીવન અને ઉપદેશો - નિબંધ

**પ્રસ્તાવના**

મહાવીર સ્વામી, જેઓ ભગવાન મહાવીર તરીકે પણ ઓળખાય છે. મહાવીર સ્વામી જૈન ધર્મના 24માં અને છેલ્લા તીર્થંકર હતા. તેમનો જન્મ વૈશાલી ( બિહાર) ના કુંડલગ્રામ માં એક રાજ પરિવારમાં થયો હતો. થયો હતો. તેમનું જીવન અને ઉપદેશો જૈન ધર્મના મુખ્ય આધારસ્તંભ છે. તેમના પિતાનું નામ સિદ્ધાર્થ રાજા અને માતાનું નામ ત્રિશલા દેવી હતું. જેઓ જૈન ધર્મના અનુયાયી હતા. બાળપણથી જ મહાવીરે તેમના અસાધારણ બુદ્ધિ અને ગાઢ આધ્યાત્મિકતાનું પ્રદર્શન કર્યું હતું.

**બાળપણ :**

મહાવીર સ્વામી રાજકુમાર તરીકે સગવડ અને સંપત્તિથી ભરેલા જીવનમાં હતા, તેમ છતાં તેમને આધ્યાત્મિક જીવનની ભૂખ હતી. સંસારના દુઃખો અને માનવજાતની પીડા જોઈ. 30 વર્ષની ઉંમરે, પરિવાર અને સમાજની અપેક્ષાઓને અનુસરીને, મહાવીર સ્વામી એ સંસાર જીવનનો ત્યાગ કર્યો, પોતાનું સામ્રાજ્ય, સંપત્તિ અને પરિવારને છોડી મોક્ષ માટેનો માર્ગ શોધવાનું નક્કી કર્યું.

**વૈરાગ્ય:**

આગામી બાર વર્ષો સુધી મહાવીર સ્વામી એ તીવ્ર તપસ્યા કરી. તેમણે જંગલોમાં ભટક્યા, તકલીફો સહન કરી અને ઘોર ધ્યાનમાં ડૂબ્યા, અવારનવાર લાંબા ઉપવાસ કર્યા. આ દરમિયાન તેમણે જીવનનું સાચું રહસ્ય અને દુઃખમુક્તિના માર્ગને સમજવાનો પ્રયત્ન કર્યો. બાર વર્ષ પછી, મહાવીર સ્વામીએ કેવલ જ્ઞાન પ્રાપ્ત કર્યું, જે સમગ્ર જ્ઞાન અને શ્રેષ્ઠતા સુધી પહોંચવાનો માર્ગ છે.

## મહાવીર સ્વામીના ઉપદેશો

મહાવીર સ્વામીના ઉપદેશો મુખ્યત્વે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ પર આધારિત છે. મહાવીર સ્વામીના ઉપદેશો જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતોમાં સ્થિત છે.

**અહિંસા :** મહાવીર સ્વામીનો મુખ્ય સિદ્ધાંત અહિંસા છે. તેમને ઉપદેશ આપ્યો કે જીવમાત્રમાં આત્મા - ભગવાન હોય છે. એટલે કોઈ પણ જીવને નુકસાન ન કરવું. અને તેઓને શાંતિથી જીવવાનો અધિકાર છે. કોઈ પણ જીવને ઇજા કે નુકસાન આપવું એ મહાપાપ છે. આ અહિંસા મન, વચન અને કર્મથી આવવી જોઈએ.

**અપરિગ્રહ :** મહાવીર સ્વામીના અન્ય મહત્વના ઉપદેશોમાં સામેલ છે અપરિગ્રહ, એનો અર્થ કે વધારાની સંપત્તિ ન રાખવી. ભૌતિક વસ્તુઓ સાથેના આકર્ષણમાંથી મુક્ત રહેવું જોઈએ. તેઓ માનતા હતા કે આકર્ષણ ઈચ્છા, દુઃખ અને બંધનની ઉત્પત્તિ કરે છે.

**સત્ય :** મહાવીર સ્વામીએ હંમેશા સત્ય બોલવું એ ઉપદેશ જનમાનસમાં સ્થાપિત કર્યો. સત્ય બોલવાનું મહત્વ સમજાવ્યું. તેઓ માનતા કે સત્ય વચન વિચાર, શબ્દ અને કર્મમાં હોવા જોઈએ, જેથી આત્મિક વિકાસ શક્ય બને.

**અસ્તેય :** મહાવીરે શીખવ્યું કે જે વસ્તુ તમારી નથી તે નહીં લેવાય. આ મંત્ર માત્ર વસ્તુમાં જ નહીં જીવનની દરેક ક્ષણે લાગુ પડે છે.

**બ્રહ્મચર્ય :** કામવાસના પર કાબૂ રાખવો. જેનાથી દામ્પત્ય જીવન સુખી અને સમૃદ્ધ બને છે. આ ઉપદેશથી પરિવારમાં સ્નેહ અને વિશ્વાસ કાયમ ટકી રહે છે.

આ ઉપરાંત, મહાવીર સ્વામીએ કર્મના સિદ્ધાંત પર ભાર મૂક્યો હતો. તેમના મતે, માનવ જીવનમાં જે થાય છે તે તેના પૂર્વજન્મના કર્મોનું ફળ છે.

## ઉપસંહાર

સ્વામીના ઉપદેશોએ જૈન ધર્મનો પાયો નાખ્યો હતો. તેમના અહિંસાના સંદેશે માત્ર તેમના અનુયાયીઓને જ નહીં પરંતુ મહાત્મા ગાંધી સહિત અન્ય ઘણા આધ્યાત્મિક નેતાઓને પણ પ્રભાવિત કર્યા હતા.

72 વર્ષની વયે તેમના નશ્વર દેહને છોડી દીધો. તેમનું જીવન ત્યાગ, શિસ્ત અને ગહન કરુણાનું કાયમી ઉદાહરણ છે અને તેમના ઉપદેશો લાખો લોકોને પ્રેરણા આપે છે. તેમણે શીખવેલા સિદ્ધાંતો- અહિંસા, સત્ય, અનાસક્તિ અને તમામ જીવન માટે આદર- આજે પણ એટલા જ સુસંગત છે જેટલા પ્રાચીન સમયમાં હતા.